## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર 53/2022

### આંક 20 ની અરજી તળે હુકમ

**(1)** હાલની અરજી અરજદાર દ્વારા ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ 2005 ની કલમ 23(1) મુજબ આપી વચગાળાનું ભરણપોષણ માંગેલ છે.

**(2)** હાલની અરજીમાં અરજદાર દ્વારા જણાવવામાં આવેલ છે કે અરજદારના લગ્ન આ કામના વાળા નંબર 1 સાથે ગઈ તારીખ 21/5/ 2022 ના રોજ મુસ્લિમ સમાજના ચાલતા આવેલા રીત રિવાજ મુજબ બંને કુટુંબના સભ્યોની હાજરીમાં મોજે આહવા, જી. ડાંગ મુકામે થયેલ અને લગ્ન બાદ આ કામના અરજદાર લગ્ન જીવનના હક્કો ભોગવવા આ કામના સામાવાળા ના ઘરે હાલોલ મુકામે લગ્ન સમયે તેઓના માતા પિતા તથા સગા સંબંધીઓ તરફથી આપવામાં આવેલ તમામ કિમતી ઘરેણા તથા ઘર વપરાશની ભેટ સોગાદો વીગેરે લઇ રહેવા માટે ગયેલ.રહેવા ગયેલા. સામાવાળા નંબર 1 આ કામના અરજદારના પતિ થાય છે જ્યારે નંબર 2 સસરા થાય છે નંબર 3 સાસુ થાય છે

**(2.1)** આ કામના અરજદાર લગ્ન બાદ પોતાની સાસરમાં લગ્નના હક્કો અને જવાબદારીઓ અદા કરતા આવેલ, અને લગ્નના ચાર દિવસ બાદ આણુ વાળવા પોતાના પિયરમાં આ કામના સામાવાળા નંબર 1 સાથે આવેલ અને રીત રિવાજ મુજબ જમાઈને કપડાં આપવાના થતા હોવાથી અરજદારના માતા પિતાએ કપડાં આપતા સામા વાળા નંબર 1 ના ઓએ કહેલ કે જ્યાં સુધી તેને સોનાની વીંટી નહીં આપો ત્યાં સુધી તે અનાજનો એક દાણો પણ નહીં થાય તેવી જીદ અને હટ કરતા

Scanned with AnyScanner

અરજદારના પિતા એ તાત્કાલિક ₹12,000 ની સોનાની વીંટી બજારમાંથી લઈ આવેલ અને સામા વાળા નંબર એકને આપેલ ત્યારબાદ તેઓ જમેલા અને તારીખ 30/ 5/2022 સુધી અરજદાર સાથે તેઓના પિયરમાં રહેલા અને ત્યારબાદ તેઓ અરજદારને લઈને હાલોલ મુકામે ગયેલા..

**(2.2)** અરજદાર આણુ વાળી ગયા બાદ સાસરીમાં પત્ની તથા વહુના તમામ ઓપો ભોગવતા આવેલા પરંતુ સામા વાળાઓન પ્રકારે નાના મોટા ખોટા વા ગુનાઓ કાઢી મેણા ટોણા મારતા અને અરજદારના માતા પિતાને અપશબ્દો બોલતા અને કહેતા કે તારો બાપ તારો થયો નથી તો અમારો શું થશે તે મુજબના શબ્દો કહેતા હતા અને સામા વાળા નંબર 3 કહેતા હતા કે લગ્નમાં દહેજ કાંઈ મળેલ નથી જેથી તેઓ આ લગ્ન થી ખુશ નથી તેવા ટોણા મારતા હતા તે બાબતની જાણ અરજદારે તેઓના માતા પિતાને કરતા તેઓના પિતાએ સામાવાળાઓ સાથે આ બાબતે વાત કરતા સામા વાળા ના પિતાએ જણાવેલ કે લગ્નમાં શું દહેજ આપેલ છે જો હું તમારી સાથે વાત કરીએ કે તમારી દીકરીને પત્ની કે વહુ તરીકે રાખીએ તેવું જણાવી આ કામના સામેવાળા હોય રૂપિયા પાંચ લાખ દહેજની માંગણી કરેલ અને અરજદારને પત્ની વહુ તરીકે રાખશે તેવી વાત કરી ફોન મૂકી દીધેલ. અરજદારના માતા પિતા પાસે આ કામના સામેવાળાઓએ લગ્ન પહેલા જ લગ્નની વાત નક્કી થયા બાદ રૂપિયા 2,65,000 દહેજની માંગણી કરેલી જેમાં અરજદારના પિતાએ સામાવાળાઓને તારીખ 7/ 4/ 2022 ના રોજ રૂપિયા 45000 તથા તારીખ 8/ 4/ 2022 ના રોજ ₹1,00,000 તથા તારીખ 11/ 4/ 2022 ના રોજ ₹1,17,000 એમ ટુકડે ટુકડે ₹2,62,000 સામેવાળાઓને એકાઉન્ટમાં બેંક મારફતે ચૂકવેલ હતા..

Scanned with AnyScanner

**(2.3)** અરજદારને આ કામના સામા વાળાઓ તરફથી તારીખ 30 5 2022 ના દિન પછી દિન પ્રતિદિન મેળા ટોણા મારવામાં આવતા અને મા બેન સમાન ગંદી ગાળો બોલી દહેજને માંગણી કરવામાં આવતી હતી અને સામા વાળા નંબર એકના અરજદારને કહેતા હતા કે તુ લગ્નમાં સોનાની ચેન લાવેલ નથી તેથી તારા બાપ પાસેથી સોનાની ચેન લઈ આવજે નહીંતર મારાથી ખરાબ કોઈ નહીં હશે તેવી ધમકીઓ આપતા પરંતુ અરજદાર પાછળ જતા સામાવાળાઓ સુધરી જશે તેવા આશયથી તમામ સામા વાળાઓનો ત્રાસ મૂંગા મોઢે સહન કરતા અને અમુક વાતો આ કામના સામેવાળાઓની તેઓના માતા પિતાને કરતા ન હતા.

**(2.4)** આમ લગ્ન પછી બકરી નો તહેવાર હોય અને પ્રથમ તહેવાર પિયરમાં કરાતું હોય તેવો રિવાજ હોય અરજદારના પિતાએ સામાવાળા નંબર 2 ને ફોન કરતા સામા વાળા નંબર 1 ના અરજદારને પિયરમાં તારીખ 28/ 6/ 2022 ના રોજ લઈ આવેલા અને અરજદારના પિતા પાસે રૂપિયા પાંચ લાખની દહેજની માંગણી કરતા અરજદારના પિતાએ સામાવાળા નંબર 1 ને કહેલ કે હું ગરીબ વ્યક્તિ છું વારે ઘડીએ કેવી રીતે તમોને દહેજ આપું તો સામા વાળા નંબરે કહેતા હતા કે પૈસા તો જોઈશે જ નહીં તો હું તમારી દીકરીને પાછો લઈ જઈશ નહીં તેવી ધમકીઓ આપતા હતા. જેથી અરજદારના કુટુંબીઓએ સામા વાળા નંબર 1 ને સમજાવેલ પરંતુ ન સમજતા પણ તે અરજદારના પિતા એ બીજા કોઈ પાસેથી ઉધાર માંગી લાવી સામા વાળા નંબર એક ને રૂપિયા 51000 આપેલા અને ત્યારબાદ જ સામેવાળા નંબર એક પરત ગયેલા અને કહેલ કે તમારી દીકરીને તાજીયા ના તહેવાર પછી જ લેવા આવીશ.

**(2.5)** બકરી ઈદના તહેવારથી તાજીયાના તહેવાર સુધી અરજદાર તેઓના પિયરમાં રહેલા અને તાજીયા નો તહેવાર પૂર્ણ થતા અરજદારના પિતાએ આ

Scanned with AnyScanner

કામના સામાવાળાઓને ફોન કરીને કહેલ કે ક્યારે મારી દીકરીને લેવા આવો છો તો કહેલ કે આવીશું - આવીશું તેવા માત્ર બહાના કરતા આવેલા પરંતુ આવેલા નહીં અને એક દિવસ જણાવેલ કે સામા વાળા નંબર 1 અરજદારને પત્ની તરીકે રાખવા માંગતો નથી કે લેવા આવવાનું ના પાડતો હોય અને જો તમારી દીકરી આવશે તો તે આત્મહત્યા કરી લેશે તેવી ધમકીઓ આપતા હતા અને તે મુજબની વાતો કરી ફોન મૂકી દીધેલ. આ મુજબની વાત થતા અરજદારના માતા પિતાએ સમાજના આગેવાનો અને વડીલોને આ તમામ બાબતની જાણ કરતા સવા સંબંધીઓ તથા અરજદારના માતા પિતાએ સામા વાળાઓ અરજદારને લઈ જાય તેવા ઘણા પ્રયત્નો કરેલા પરંતુ આ કામના સામા વાળાઓ સમજેલા નહીં અને લગ્ન સમયે આપવામાં આવેલ તમામ ચીજ વસ્તુઓ તથા ભેટો ઘરની બહાર કાઢી ફેંકી દેવામાં આવેલ અને કહેતા હતા કે અમો તમારી દીકરીને રાખવાના નથી જેથી આ તમારો લગ્નમાં આપેલ કચરા જેવો સામાન પણ અહીંથી લઈ જાઓ અમે કોઈનાથી ડરતા નથી અને અમને કાયદાથી કોઈ બીક નથી..

**(2.6)** આ કામના સામાવાળા નંબર એક અરજદારને બકરી ઈદ નો તહેવાર કરવા પિયરમાં મૂકી ગયેલા ત્યારબાદ થી અરજદારને તેડીને લઈ જવા માટેના કોઈ પ્રયત્નો કરેલા નથી કે અરજદારને તેડીને લઈ ગયેલા નથી અને તેઓને તરછોડી દીધેલ છે જેથી લાચાર થઈ આ કામના અરજદારે આવા મહિલા પોલીસ સ્ટેશનમાં આ કામના તમામ સામાવાળાઓ વિરુદ્ધ માર જોડ શારીરિક માનસિક ત્રાસ તથા દહેજની માંગણી બાબતે તારીખ 3 9 2022 ના રોજ ફરિયાદ લેખિતમાં કરતા આહવા મહિલા પોલીસ સ્ટેશન દ્વારા આ કામના સામા વાળાઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ 498 એ 504 114 તથા દહેજ પ્રતિબંધ ધારાની કલમ 3 અને 7 મુજબ ગુનો નોંધવામાં આવેલ.

Scanned with AnyScanner

**(3.0)** આમ આ કામના કામાવાળા અરજદારને તેઓના પિયરમાં છોડીને ગયા બાદ આજ દિન સુધી લઈ ગયેલ નથી અને હાલ અરજદાર તેઓના મા બાપના ત્યાં ઉથલાળું જીવન ગુજારે છે અને અરજદારનો તમામ ખર્ચ તેઓના માતા પિતા કરી રહેલા છે અને આ કારમી મોંઘવારીમાં અરજદારને તેઓનું ભરણપોષણ કરવું ખૂબ જ મુશ્કેલ પડી રહેલ છે જેથી આ કામના અરજદારને રૂપિયા 20,000 જેટલો માસિક ખર્ચ થાય છે અને આ કામના સામાવાળા આ ખર્ચ આપી શકે તેમ છે અને સશક્ત યુવાન છે અને અરજદારને ખર્ચ આપવા બંધાયેલા છે તેવી હકીકત આ કામના અરજદાર એ પોતાની હાલની અરજીમાં જણાવેલ છે.

**(4.0)** આ કામના સામાવાળા સશક્ત યુવાન છે અને પોતાની આવડતનો ઉપયોગ કરી પોતાની માલિકીની દુકાન ધરાવી જનરલ સ્ટોર્સનું ધંધો વેપાર કરી માસિક ₹1,00,000 જેટલી આવક મેળવે છે તેમાં સામા વાળા નંબર બે અને ત્રણ પણ પોતાની માલિકીના ઘરમાં કુલ 20 રૂમ ભાડેથી આપી ભાડું મેળવી માસિક રૂપિયા ૮૦ હજાર જેટલી આવક મેળવે છે અને સામા વાળા નંબર ચાર નાઓ પણ પોતાની માલિકીની દુકાન ધરાવી મોબાઈલ તથા કોમ્પ્યુટર તથા આધારકાર્ડ પાનકાર્ડ વિગેરેનો વ્યવસાય કરી રૂપિયા 30,000 ની માસિક આવક કમાઈ લે છે જેથી સામા વાળા નંબર એકને અરજદાર સિવાય કોઈના ભરણપોષણની જવાબદારી નથી જેથી અરજદારને માંગ્યા મુજબની ભરણપોષણની રકમ સામાવાળા આપી શકે તેમ છે.

**(5.0)** વધુમાં હાલની અરજી આપી અરજદાર જણાવે છે કે મૂળ અરજી ચાલતા ઘણો સમય લાગે તેમ છે અને કારમી મોંઘવારીમાં અરજદારને તેઓનું ભરણપોષણ કરવાની ખૂબ જ મુશ્કેલી પડી રહેલ છે જેથી વચગાળાની હાલની અરજી મંજૂર કરવા વિનંતી કરેલ છે અને નીચે મુજબની દાદ માંગેલ છે.

Scanned with AnyScanner

1. આ કામના કામાના સામાવાળા અરજદારને રહેઠાણ માટે ઘરની વ્યવસ્થા કરી આપે અથવા ઘરનું ભાડું રૂપિયા 7000 દર માસે ચૂકવી આપે તથા અરજદારને રૂપિયા 20.000 આ કામના સામેવાળા પાસે દર માસે મૂળ અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી વચગાળાનું ભરણપોષણ ચૂકવી આપે તેવો હુકમ કલમ 23(1)

2. નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી અન્ય કોઈ દાદ કે દાદો અરજદારની તરફેણમાં અપાવશોજી. મુજબ કરવા મહેરબાની કરશોજી

**(6.0)** અરજદાર તરફે હાલની અરજી આવતાં આ કામના સામેવાળાઓ દ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ નથી પરંતુ અરજી સંદર્ભે મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

અરજદાર તેમજ સામાવાળાઓની મૌખિક દલીલો નીચે મુજબ છે.

અરજદારના વિદ્વાન વકીલ શ્રી પોતાની દલીલોમાં જણાવે છે કે મૂળ અરજી ચાલતા ઘણો સમય વીતી જાય તેમ છે તેમ જ આ કામના સામા વાળા અરજદારના કાયદેસરના પતિ થતા હોવાથી તેઓ ભરણપોષણ આપવા ગયેલા છે અને આ કામના અરજદારના પિતાએ અરજદારના લગ્ન દેવું કરીને કરેલા છે આ કામના અરજદાર ઓશીયાળુ જીવન જીવે છે અને આ કામના સામેવાળાઓ દ્વારા અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપેલા છે અને હાલ અરજદાર અભ્યાસ કરે છે.

સામા વાળાઓ તરફે તેઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા દલીલો કરવામાં આવેલ છે કે અરજદારની જુબાની લેવામાં આવેલ છે અને હાલના કામે પુરાવો ચાલુ થઈ ગયેલ છે અરજદાર સારા ઘરના છે ભરણપોષણ કરી શકે તેમ છે સામાવાળા નં 1 કંપનીમાં છુટક મજુરી કરી દરરોજના રુપિયા 150 કમાય છે અને અરજદાર સક્ષમતા ધરાવતા હોવાથી અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

Scanned with AnyScanner

**(7.0)** આમ ઉપરોક્ત મુજબની બંને પક્ષકારો તરફે રજૂઆતો કરવામાં આવેલ છે અને અરજદાર દ્વારા તેઓની અરજીના કામે વચગાળાની દાદ માંગેલ છે તે દાદ ધ્યાને લેતા અગાઉ અધિનિયમ કલમ 23 ને ધ્યાને લેવી અત્યંત જરૂરી છે જે ચુકાદા ની સરળતા ખાતર નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

**Section 23 in The Protection of Women from Domestic Violence Act, 2005**

**<u>23. Power to grant interim and ex parte orders.—</u>**

(1) In any proceeding before him under this Act, the Magistrate may pass such an interim order as he deems just and proper.

(2) If the Magistrate is satisfied that an application prima facie discloses that the respondent is committing, or has committed an act of domestic violence or that there is a likelihood that the respondent may commit an act of domestic violence, he may grant an ex parte order on the basis of the affidavit in such form, as may be prescribed, of the aggrieved person under section 18, section 19, section 20, section 21 or, as the case may be, section 22 against the respondent.

Scanned with AnyScanner

(8.0) આમ ઉપરોક્ત કલમ વંચાણે લેતા એ સ્પષ્ટ થાય છે કે આ અધિનિયમ હેઠળ પોતાની સમક્ષની કાર્યવાહી દરમિયાન મેજિસ્ટ્રેટને ન્યાયી અને યોગ્ય લાગે તો વચગાળાનો આદેશ આપી શકે છે. જો મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે પ્રથમદર્શનીય રીતે સામાવાળા દ્વારા અરજદાર સાથે કૌટુંબિક હિંસા આચરેલ છે, આચરી રહ્યા છે અથવા હિંસા નું કોઈ કૃત્ય આચરવાની સંભાવના છે ત્યારે આ અધિનિયમની કલમ 18 કલમ 19 કલમ 20 કલમ 21 કલમ 22 હેઠળ નો એક તરફી આદેશ કરી શકે છે, હાથ ઉપરના કિસ્સામાં અરજદારની હકીકતો ધ્યાને લેતા આ તબક્કે એ હકીકત માનવાને કારણ રહે છે કે આ કામના અરજદાર ઘરેલુ હિંસાનો બનેલા છે, આ કામે અરજદાર દ્વારા તેઓની અરજીના પેરા નંબર 12 માં જે મુજબની દાદ માંગવામાં આવેલી છે તે દાદ ધ્યાને લેતા અધિનિયમની કલમ 19 તથા 20 ને ચુકાદાની સરળતા ખાતર ધ્યાને લેવી અત્યંત જરૂરી છે જેને નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

**<u>Section 19 Residence orders:</u>**

(1) While disposing of an application under sub-section *(1)* of section12, the Magistrate may, on being satisfied that domestic violence has taken place, pass a residence order–

(a) restraining the respondent from dispossessing or in any other manner disturbing the possession of the aggrieved person from the shared household, whether

Scanned with AnyScanner

or not the respondent has a legal or equitable interest in the shared household;

(b) directing the respondent to remove himself from the shared household;

(c) restraining the respondent or any of his relatives from entering any portion of the shared household in which the aggrieved person resides;

(d) restraining the respondent from alienating or disposing off the shared household or encumbering the same;

(e) restraining the respondent from renouncing his rights in the shared household except with the leave of the Magistrate; or

(f) directing the respondent to secure same level of alternate accommodation for the aggrieved person as enjoyed by her in the shared household or to pay rent for the same, if the circumstances so require:

Provided that no order under clause *(b)* shall be passed against any person who is a woman.

Scanned with AnyScanner

(2) The Magistrate may impose any additional conditions or pass any other direction which he may deem reasonably necessary to protect or to provide for the safety of the aggrieved person or any child of such aggrieved person.

(3) The Magistrate may require from the respondent to execute a bond, with or without sureties, for preventing the commission of domestic violence.

(4) An order under sub-section *(3)* shall be deemed to be an order under Chapter VIII of the Code of Criminal Procedure, 1973 (2 of 1974) and shall be dealt with accordingly.

(5) While passing an order under sub-section *(1)*, sub-section *(2)* or sub-section *(3)*, the court may also pass an order directing the officer in charge of the nearest police station to give protection to the aggrieved person or to assist her or the person making an application on her behalf in the implementation of the order.

Scanned with AnyScanner

(6) While making an order under sub-section *(1)*, the Magistrate may impose on the respondent obligations relating to the discharge of rent and other payments, having regard to the financial needs and resources of the parties.

(7) The Magistrate may direct the officer in-charge of the police station in whose jurisdiction the Magistrate has been approached to assist in the implementation of the protection order.

(8) The Magistrate may direct the respondent to return to the possession of the aggrieved person her *stridhan* or any other property or valuable security to which she is entitled to.

**Section 20 Monetary Relief**

(1) While disposing of an application under sub-section (1) of section 12, the Magistrate may direct the respondent to pay monetary relief to meet the expenses incurred and losses suffered by the aggrieved person and any child of the aggrieved person as a result of the domestic violence and such relief may include but is not limited to—

Scanned with AnyScanner

(a) the loss of earnings;

(b) the medical expenses;

(c) the loss caused due to the destruction, damage or removal of any property from the control of the aggrieved person; and

(d) the maintenance for the aggrieved person as well as her children, if any, including an order under or in addition to an order of maintenance under section 125 of the Code of

Criminal Procedure, 1973 (2 of 1974) or any other law for the time being in force.

(2) The monetary relief granted under this section shall be adequate, fair and reasonable and consistent with the standard of living to which the aggrieved person is accustomed.

(3) The Magistrate shall have the power to order an appropriate lump sum payment or monthly payments of maintenance, as the nature and circumstances of the case may require.

Scanned with AnyScanner

(4) The Magistrate shall send a copy of the order for monetary relief made under sub-section (1) to the parties to the application and to the in-charge of the police station within the local limits of whose jurisdiction the respondent resides.

(5) The respondent shall pay the monetary relief granted to the aggrieved person within the period specified in the order under sub-section (1).

(6) Upon the failure on the part of the respondent to make payment in terms of the order under sub-section (1), the Magistrate may direct the employer or a debtor of the respondent, to directly pay to the aggrieved person or to deposit with the court a portion of the wages or salaries or debt due to

or accrued to the credit of the respondent, which amount may be adjusted towards the monetary relief payable by the respondent.

**(8.1)** આમ ઉપરોક્ત કલમો વંચાણે લેતા ઘરેલુ હિંસા ની ભોગ બનનાર વ્યક્તિ સદર કલમ માં જણાવ્યા મુજબની નાણાકીય રાહતો સામાવાળા પાસેથી મેળવી શકે છે. અરજદાર દ્વારા હાલની અરજી વચગાળાની નાણાકીય રાહત સામાવાળા

Scanned with AnyScanner

પાસેથી મેળવવા માટે કરેલ છે ત્યારે આ અધિનિયમની કલમ 23 ની જોગવાઈ ને પણ ધ્યાને લેવી જરૂરી છે જે ઉપર મુજબ રજુ કરવામાં આવેલ છે.

(9.0) આમ ઉપરોક્ત કલમો વંચાણે લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે આ અધિનિયમ હેઠળ પોતાની સમક્ષની કાર્યવાહી દરમિયાન મેજિસ્ટ્રેટને ન્યાય અને યોગ્ય લાગે તો રોજગાળાનો આદેશ આપી શકે છે. જો મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે પ્રથમ દર્શનીય રીતે સામાવાળા દ્વારા અરજદાર સાથે કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ છે, આચરી રહ્યા છે, અથવા હિંસા નું કોઈ કૃત્ય આચરવાની સંભાવના છે ત્યારે અધિનિયમની કલમ 18 19 20 21 અથવા કલમ 22 હેઠળ એક તરફથી આદેશ કરી શકે છે. હાથ ઉપરના કેસમાં જ્યારે અરજદાર દ્વારા સામેવાળા પાસેથી વજવાળાના ભરણપોષણ પેટેની રકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે ત્યારે આ અધિનિયમની કલમ 20 માં જણાવ્યા મુજબ અરજદાર સાથે જો સામા વાળાએ પ્રથમદર્શનીય રીતે કરેલું હિંસા નું કૃત્ય આચરેલ હોય તો આ અધિનિયમની કલમ 20 માં જણાવ્યા મુજબની નાણાકીય રાહત અધિનિયમની કલમ 23 અન્વયે વચગાળાના સ્વરૂપમાં મેળવી શકે છે.

(10.0) હાલના કામે અરજદાર દ્વારા એવું સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ છે કે અરજદાર હાલમાં પોતાના પિતાના ત્યાં રહી ઓશિયાળું જીવન જીવે છે, અને અરજદારને કોઈ હુન્નર ઉદ્યોગ આવડતો નથી અને તેઓના પોતાના પિયરમાં ની: સહાય હાલતમાં રહે છે, સામાવાળા પાસે પૂરતા આવકના સાધનો છે આ કામના સામાવાળા પોતાની આવડતનો ઉપયોગ કરી પોતાની માલિકીની દુકાન ધરાવી જનરલ સ્ટોર્સનું ધંધો વેપાર કરી માસિક ₹1,00,000 જેટલી આવક મેળવે છે તેમાં સામા વાળા નંબર 2 અને 3 પણ પોતાની માલિકીના ઘરમાં કુલ 20 રૂમ

Scanned with AnyScanner

ભાડેથી આપી ભાડું મેળવી માસિક રૂપિયા ૮૦ હજાર જેટલી આવક મેળવે છે અને સામા વાળા નંબર 4 નાઓ પણ પોતાની માલિકીની દુકાન ધરાવી મોબાઈલ તથા કોમ્પ્યુટર તથા આધારકાર્ડ પાનકાર્ડ વિગેરેનો વ્યવસાય કરી રૂપિયા 30,000 ની માસિક આવક કમાઈ લે છે જ્યારે સામાવાળા જણાવે છે કે સામાવાળા નં 1 કંપનીમાં છુટક મજુરી કરી દરરોજના રુપિયા 150 કમાય છે ,સામા વાળાઓના નામે કોઈ દુકાન કે મકાન આવેલ નથી. અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે અરજદાર દ્વારા સામાનવાળાની આવક સંદર્ભે જે કથન કરવામાં આવેલ છે તે સંદર્ભે કોઈ સ્પષ્ટ પુરાવો અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલો નથી, ત્યારે આવા સંજોગોમાં સામા વાળાની આવક સંદર્ભે યોગ્ય તે અનુમાન કરવાનું રહે છે સામાવાળા ના કથન મુજબ તેઓ કંપનીમાં મજુરી કરી રોજના રુપિયા 150 મજુરી મેળવે છે પરંતુ પરંતુ તે હકીકત સંદર્ભે સ્પષ્ટ પુરાવો આ કામના સામાવાળાએ રજૂ રાખેલ નથી જેથી સ્પષ્ટ પુરાવાની ગેરહાજરીમાં હાલની મોંઘવારી તથા મજૂરીના દર વિગેરે ધ્યાનમાં રાખતા સામાવાળા શરીરે સશક્ત હોય દૈનિક રૂપિયા 500 ની આવક મેળવતા હોવાનું અનુમાન આ તબક્કે કરી શકાય. આમ સામાવાળા આવક મેળવવા માટે સક્ષમ હોવાનું આ તબક્કે જણાઈ આવે છે. વધુમાં સામાવાળા દ્વારા અરજદારની કોઈ દરકાર લેવામાં આવેલ હોય તેવું પણ જણાતું નથી. સામાવાળાના કથન મુજબ તેઓના શિરે અરજદાર સિવાય બીજી પણ ઘરની જવાબદારીઓ છે ત્યારે સામાવાળાના શિરે અન્યના ભરણપોષણની જવાબદારી નું આ તબક્કે અનુમાન કરી શકાય. વધુમાં આ અધિનિયમની કલમ 23 મુજબ જે વ્યક્તિ સાથે ઘરેલુ હિંસા નું કૃત્ય બનેલ હોય તેને વચગાળાની રાહત આપવા માટેની જોગવાઈ કરવામાં આવેલી છે, અરજદાર દ્વારા જ્યારે માસિક ભરણ પોષણ પેટેની રકમ મેળવવા માટે હાલની અરજી કરેલી છે ત્યારે આ અધિનિયમની કલમ 20 તથા

Scanned with AnyScanner

કલમ 23 બંનેનું સાથે વાંચન કરતા આ તબક્કે અરજદાર ની અરજીની ચાલુ કાર્યવાહી દરમિયાન પોતાનું ભરણપોષણ યોગ્ય અને સારી રીતે કરી શકે તથા અરજદારને થતા ખર્ચાઓનું અરજદાર સામનો કરી શકે અને અરજદાર અન્ય કોઈ ગેરકાનૂની ધંધા કે અસામાજિક પ્રવૃત્તિ તરફ વળે નહીં તથા અરજદારને ભૂખમરો વેઠવો ન પડે અને માનભેર જિંદગી જીવી શકે તેવા ઉદ્દેશ આ અધિનિયમની કલમ 20 તથા કલમ 20 નું છે. જે ધ્યાને લઈ અરજદાર દ્વારા તેઓની અરજીમાં પોતાના માસિક ભરણપોષણ પેટે ₹20,000 ની જે માંગણી કરેલ છે તે માંગણી સામાવાળાની આવક જોતા મળવા પાત્ર નથી પરંતુ અરજદાર સામાવાળા પાસેથી વચગાળાની નાણાકીય સહાયના સ્વરૂપમાં હાલની અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી અરજદારને થતા ખર્ચા રૂપે યોગ્ય તે વ્યાજબી વચગાળાની નાણાકીય સહાય મેળવવા હકદાર છે..

**(11.0)** અરજદાર દ્વારા તેઓની અરજીના પેરા નંબર 12 માં સામાવાળા અરજદારને રહેઠાણ માટે ઘરની વ્યવસ્થા કરી આપે અથવા મકાન ભાડે અથવા ઘરનું ભાડું માસિક રુપિયા 7000 ચૂકવી આપે તેવી દાદ માંગેલ છે, તે સંદર્ભે આ તબક્કે અત્રે ની અદાલતનું ધ્યાન અધિનિયમની કલમ 19 ઉપર જાય છે જે ચુકાદાની સરળતા ખાતર અગાઉ રજૂ કરેલ છે જે ધ્યાને લેતા તેમાં કરવામાં આવેલી જોગવાઈ તથા અધિનિયમની કલમ 23 ની જોગવાઈને ધ્યાને લેતા જો સંજોગની જરૂરિયાત હોય તો પીડિત વ્યક્તિને રહેવા માટે વૈકલ્પિક ઘર પૂરું પાડવા અથવા તો આવા ઘરનું ભાડું ચૂકવવાનો સામાવાળાને આદેશ આપી શકે છે. હાલના કામમાં હકીકતો ધ્યાને લેતા હાલમાં અરજદાર પોતાના પિયરમાં રહે છે અને એક લગ્ન કરેલી સ્ત્રીના ભરણપોષણ તથા રહેવાની વ્યવસ્થા વગેરે પૂરું પાડવાની જવાબદારી

Scanned with AnyScanner

તેના પતિના શિરે છે. આથી કાયદાની કલમ 19 તથા કલમ 23 નું સાથે વાંચન કરતા અરજદારને યોગ્ય તે રહેઠાણ ની વ્યવસ્થા અથવા વિકલ્પે યોગ્ય તે ભાડું ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેવું જણાય છે. સદરકામે અરજદાર દ્વારા મકાન ભાડા પેટે ₹7,000 ની માંગણી કરેલ છે પરંતુ હાલમાં અરજદાર ભાડાના મકાનમાં રહેતા હોય કે તે મતલબનું કોઈ ભાડું ચૂકવતા હોય તેવો અરજદારનો કેસ નથી ત્યારે તથા સામાવાળા ને આવકનું સાધન ધ્યાને લેતા મકાન ભાડા પેટે ₹7000 આ કામના સામાવાળા આપવા માટે સક્ષમ હોવાનું આ તબક્કે માની શકાય તેમ નથી, પરંતુ અરજદારની આ દાદ સંદર્ભે યોગ્ય અને વ્યાજબી હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાશે તેવું અત્રની અદાલતનું માનવું છે જેથી અરજદારની હાલની અરજી લગત નીચે મુજબનું હુકમ કરવામાં આવે છે.

**:હુકમ:**

(1) અરજદારની અરજી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(2) આથી સામાવાળા ને આદેશ કરવામાં આવે છે કે તેઓએ અરજદારની મૂળ અરજીનું આખરી પરિણામ ન આવે ત્યાં સુધી અરજદારને માસિક વચગાળાના ભરણપોષણ પેટે રૂપિયા 4000 (અંકે રુપિયા ચાર હજાર) હાલની અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી અરજી કર્યા તારીખથી ચૂકવવા, આથી હુકમ કરવામાં આવે છે.

(3) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે આ કામના સામેવાળાએ અરજદારના રહેઠાણ માટે યોગ્ય તે વ્યવસ્થા કરી આપવી વિકલ્પે માસિક રૂપિયા

Scanned with AnyScanner

1000(અંકે રુપિયા એક હજાર) મકાન ભાડા પેટે હાલની અરજીના હુકમ થયા તારીખથી ચૂકવી આપવા.

(4) આ કામના અરજદાર તથા સામા વાળા નંબર 1 ને સદર હુકમની નકલ વિનામૂલ્યે ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ બાબતના અધિનિયમની કલમ 24 અન્વયે આપવી.

હુકમ આજરોજ તારીખ 7મી માહે નવેમ્બર સને 2023 ના રોજ ખુલ્લિ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.7/11/2023
મુ.આહવા, ડાંગ

(એસ.એ.મેમણ)
જ્યુડી. મેજી.ફ.ક.
આહવા, ડાંગ
જજ કોડ જીજે 01567

Scanned with AnyScanner